# Third meeting of BRICS Sherpas and Sous Sherpas

September 07, 2021

# બ્રિક્સ શેરપા અને સુઅસ શેરપાની ત્રીજી બેઠક

સપ્ટેમ્બર 07, 2021

ત્રીજી બ્રિક્સ શેરપાસ અને સુઅસ શેરપાસ મિટિંગ 7 સપ્ટેમ્બર 2021ના રોજ ભારતના અધ્યક્ષપદ હેઠળ યોજાઈ હતી. આ બેઠકનું વડપણ સેક્રેટરી (સીપીવી અને ઓઆઈએ) તથા ભારતના બ્રિક્સ શેરપા શ્રી સંજય ભટ્ટાચાર્ય, બ્રાઝિલના બ્રિક્સ શેરપા રાજદૂત સાર્કિસ જે.બી. સાર્કિસ, રશિયાના બ્રિક્સ શેરપા રાજદૂત સર્ગેઈ યાબકોવ, ચીનના બ્રિક્સ શેરપા રાજદૂત મા ઝાઓઝુ અને સાઉથ આફ્રિકાના શેરપા રાજદૂત અનિલ સૂકલાલે પોતપોતાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું.

બ્રિક્સ શેરપાએ આગામી 13મી બ્રિક્સ સમિટ માટેની તૈયારીની સમીક્ષા કરી હતી જે 9 સપ્ટેમ્બર 2021ના રોજ વર્ચ્યુઅલ સ્વરૂપમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને યોજાઈ રહી છે. શેરપાએ મંત્રણાના પરિણામો વિશે ચર્ચા કરી હતી જેમાં નવી દિલ્હી ઘોષણા સામેલ છે. તેમણે બ્રિક્સના જોડાણને દિશા આપવા માટે નવા સુધારેલા બ્રિક્સ નિયમોને અપનાવ્યા હતા. આ મંત્રણા સર્જનાત્મક અને સાનુકુળ વાતાવરણમાં થઈ હતી.

શેરપાસએ કોવિડ-19 મહામારીના પડકાર છતાં ઈન્ટ્રા-બ્રિક્સ સહકાર આગળ વધારવામાં પોતાની સફળતા તથા 'બ્રિક્સ@15 ઈન્ટ્રા-બ્રિક્સ કોઓપરેશન ફોર કન્ટિન્યુઈટી, કોન્સોલિડેશન એન્ડ કન્સેન્સસ' બદલ ભારતને બિરદાવ્યું હતું.

બ્રિક્સ થિંક ટેન્ક કાઉન્સિલના હાલ પૂરતા અધ્યક્ષ રાજદૂત એચ.એચ.એસ વિશ્વનાથન, ડિસ્ટિંગ્વિશ્ડ ફેલો (ઓઆરએફ) અને બ્રિક્સ સિવિલ ફોરમના હાલ પૂરતા અધ્યક્ષ ડો. સચીન ચતુર્વેદી, ડીજી આરઆઈએસએ પોતપોતાના ટ્રેક અંગે અંતિમ અહેવાલ બ્રિક્સ શેરપાને સોંપ્યો હતો.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 07, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.